Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ ૨૦૭૪૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૯/૧૨/૨૦૨૩
૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- ઉપરોક્ત પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

જરૂરી/પરિપત્ર

8051-8084

ક્ર:-ઉમશ/ઉમા-૪/પરિસંવાદ/૨૦૨૩
કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમિક્ષા કેન્દ્ર સેકટર -૧૯
ગુ. રા. ગાંધીનગર
તા. ૨/૧૨/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

**વિષય:-સરકારી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગ્રંથપાલોને પરિસંવાદ-૨૦૨૪ માં ભાગ લેવા બાબત**

**સંદર્ભ- ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ અમદાવાદનો તા. ૧૮/૧૧/૨૦૨૩ નો પત્ર**

**પરિપત્ર :-**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ અમદાવાદના તા. ૧૮/૧૧/૨૦૨૩ ના પત્રથી ગુજરાત રાજય ગ્રંથાલય સેવા સંઘના -૩૯ માં પરિસંવાદમાં ભાગ લેવા બાબતે પરિપત્ર બાબતે આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા ગ્રંથપાલોને ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજીત પરિસંવાદ -૨૦૨૪ , પોરબંદર મુકામે ગ્રંથપાલોના પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ હોઇ આ પરિસંવાદમાં દરેક ગ્રંથાપાલો ભાગ લે તે માટે જરૂરી સૂચના આપવામાં આવે છે આ પરિસંવાદનું સ્થળ, તારીખ અને સમય નીચે મુજબ છે,આપના જિલ્લાની સરકારી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા ગ્રંથપાલોએ આ પરિસંવાદમાં ભાગ લેવાનો હોય તો સંઘને આપની કક્ષાએથી વિગતો મોકલી આપવા જણાવવામાં આવે છે.

| પરિસંવાદનું સ્થળ | તારીખ |
|---|---|
| સાન્દીપની વિદ્યાનિકેત,<br>પૂ. ભાઇશ્રી રમેશભાઇ ઓઝાની સંસ્થા, રાણાવાવ<br>પોરબંદર જિ- પોરબંદર | તા. ૧૦/૧/૨૦૨૪ થી તા. ૧૨/૧/૨૦૨૪ સુધી<br>બુધવાર, ગુરૂવાર, શુક્રવાર |

**નાયબ શિક્ષણ નિયામક**
**(૧૦+૨) ખાસ ઘટક**
**ગુ. રા. ગાંધીનગર**

5674

**નકલ જાણ સારૂ :-**
* શ્રી પકંજકુમાર એમ. બાવીશી પ્રમુખ, ગુજરાત રાજય ગ્રંથાલય સેવા સંઘ, ૫, મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ નારણપુરા અમદાવાદ – ૧૩

GUJARAT GRANTHALAYA SEVA SANGH
(Recognised and Grantable by Department of Libraries, Government of Gujarat)
5, Manish Society, Nr. Sundarnagar, Ankur Road, Namapura, Ahmedabad - 380 013.
E-mail : gujaratgranthalayasevasangh@gmail.com • Website : gujaratgranthalayasevasangh.in
Public Reg. No. : E 3172 Dt. 20-12-1977

Pankajkumar M. Bavishi - President
(M) : 6351405727
Navalsinh K. Vaghela - Vice-President
(Rtd. Librarian-Gujarat Vidhyapith) (M) : 9825836136

Kiritbhai B. Gandhakwala - Secretary
(M) : 9879953966
Himanshubhai T. Pandhi - Tresurer
(M) : 9427207565 (Jamnagar)

Date : / /202
તા. ૧૮/૧૧/૨૦૨૩

પ્રતિ,
નાયબ શિક્ષણ નિયામકશ્રી
૧૦+૨ ખાસ ઘટક, ગુજરાત રાજ્ય ગાંધીનગર,
કમિશ્નરશ્રી મ.ભો.યો. અને શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૭.

10 2 2 4 5 1

વિષય :- ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ૩૯માં ગ્રંથાલય પરિસંવાદ-૨૦૨૪માં પોરબંદર મુકામે ગુજરાતની સરકારી તથા ગ્રાંટ લેતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રંથાલયોના ગ્રંથપાલો ભાગ લઇ શકે તે માટે પરિપત્ર બહાર પાડવા માટેની વિનંતી.

માનનીય સાહેબશ્રી,

સવિનય નિવેદન કે અમારી સંસ્થા રાજ્યમાં ગ્રંથાલય પ્રવૃત્તિનું વિસ્તરણ કરવા તેમજ આધુનિક ગ્રંથાલય સેવાઓનો ખ્યાલ આપવા તથા અપાતી સેવાઓમાં સુધારણા કરવા માટે ગુજરાતમાં છેલ્લા પિસ્તાલીસ ઉપરાંત વર્ષથી સતત પ્રયત્નશીલ છે. જેને કારણે સરકારશ્રી તરફથી માન્યતા પ્રાપ્ત કરેલી છે. આ ઉપરાંત સરકારશ્રી તરફથી ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. અમારી વેબસાઈટ : www.gujaratgranthalayasevasangh.in

આ સંસ્થા પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસાર રજીસ્ટર્ડ થયેલી છે અને તેનો નંબર ઈ-૩૧૭૨ છે. અમારી સંસ્થાનો વ્યાપ સમગ્ર ગુજરાત રાજ્યમાં આવેલ સર્વ પ્રકારના ગ્રંથાલયોને આવરે છે. આ સાથે સંઘની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતા લેખની નકલ બીડી છે. આ પ્રવૃત્તિને વર્ષભર ગુંજતુ રાખવા "ગ્રંથાલોક" નામનું સામયિક અમો પ્રસિદ્ધ કરીએ છીએ. ગ્રંથલોકનો અંક આ સાથે બીડેલ છે.

સંઘની પ્રવૃત્તિઓના નિયમિત ભાગરૂપે આ વર્ષનો ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૩૯મો ગ્રંથાલય પરિસંવાદ-૨૦૨૪ સાન્દીપનિ વિદ્યાનિકેતન, પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની સંસ્થા, રાણાવાવ, પોરબંદર મુકામે, તા. ૧૦, ૧૧, અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ (બુધવાર, ગુરુવાર, અને શુક્રવાર) ના રોજ યોજાનાર છે.

આ પરિસંવાદના માટે નિબંધ અને ચર્ચા માટે નીચેના વિષયોની પસંદગી કરવામાં આવેલ છે.

* નૂતન પરિપ્રેક્ષ્યમાં ગ્રંથાલયોની પુનઃરચના

૧. સહયોગી ગ્રંથાલયચિત્વ
૨. ગ્રંથાલયોનું પુનઃશોધન અને પુનરુત્થાન
૩. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૨૦૨૦) અને ગ્રંથાલયો
૪. સાર્વજનિક ગ્રંથાલયો : સામાજીક વિકાસની આધારશિલા

ઉપરોક્ત વિષયો ઉપર અંગ્રેજી અને ગુજરાતીમાં આવેલ લેખોને છાપીને દરેક પ્રતિનિધિને "બુક ઓફ પેપર્સ" વિનામૂલ્યે પુસ્તક સ્વરૂપે આપવામાં આવશે. ભારતના બીજા રાજ્યોમાંથી પણ લેખો આવે છે.

આ સાથે પરિસંવાદની વિગતો આપતા પરિપત્રની નકલ બીડી છે.

# GUJARAT GRANTHALAYA SEVA SANGH

(Recognised and Grantable by Department of Libraries, Government of Gujarat)
5, Manish Society, Nr. Sundarnagar, Ankur Road, Naranpura, Ahmedabad - 380 013.
E-mail : gujaratgranthalayasevasangh@gmail.com • Website : gujaratgranthalayasevasangh.in
Public Reg. No. : E 3172 Dt. 20-12-1977

Pankajkumar M. Bavishi - President
(M) : 6351405727

Navalsinh K. Vaghela - Vice-President
(Rtd. Librarian-Gujarat Vidhyapith) (M) : 9825836136

Kiritbhai B. Gandhakwala - Secretary
(M) : 9879953966

Himanshubhai T. Pandhi - Tresurer
(M) : 9427207565 (Jamnagar)

Date : / /202



ગુજરાત રાજ્યના ગ્રંથાલય ખાતાના અધિકારીશ્રીઓ, સરકારી પુસ્તકાલયો અને રાજ્યના વિવિધ ખાતાકીય ગ્રંથાલયો તેમજ અનુદાન લેતા સાર્વજનિક, શાળા તેમજ કોલેજ ગ્રંથાલયોના ગ્રંથપાલો, યુનિવર્સિટીના તથા વિશિષ્ટ ગ્રંથાલયોના ગ્રંથપાલો આ પરિસંવાદમાં હાજર રહે છે અને ચર્ચા વિચારણામાં ભાગ લે છે. જેથી ચર્ચાને અંતે તેઓની સૂઝ અને દૃષ્ટિ વિશાળ બને છે. પરિણામે તેમના જ્ઞાનનો લાભ વાચક વર્ગને તેમના દ્વારા મળે છે અને અંતે ગ્રંથાલયોની સેવાઓ સુધારવામાં મદદરૂપ થાય છે.

**આ કાર્ય અને હેતુ માટે આપની કચેરી દ્વારા ઘટતો પરિપત્ર કરી ગ્રંથપાલોને હાજર રહેવાનું જણાવવામાં આવે તેવી વિનંતી છે. આને પરિણામે વધુ સંખ્યામાં માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રંથપાલો ઉપસ્થિત થઈ ઉપયોગી ચર્ચામાં સહભાગી બને છે. પરિસંવાદમાંથી વર્તમાન સમય પ્રમાણે જ્ઞાન લઈ પોતાના ગ્રંથાલયોમાં તેનો અમલ કરી શકે તે હેતુથી આ પરિસંવાદમાં બધા જ ગ્રંથપાલશ્રીઓ ભાગ લે તે માટે પરિપત્રમાં ભારપૂર્વક ખાસ ઉલ્લેખ કરવા વિનંતી.**

<u>અગાઉ આપની કચેરી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ પરિપત્રની નકલ સરળ સંદર્ભે આ સાથે સામેલ કરી છે.</u> તો આપને નમ્ર વિનંતી છે કે આગામી આ ગ્રંથાલય પરિસંવાદ માટે ઘટિત પરિપત્ર આપ સાહેબશ્રી તરફથી તાત્કાલિક કરવામાં આવે અને તે દ્વારા આપશ્રી ગુજરાતમાં ગ્રથાલય સેવા સુધારણાના અમારા નમ્ર પ્રયત્નોમાં સહાયરૂપ થશો તેવી આશા અને વિનંતી છે.

આપના તરફથી જે પરિપત્ર બહાર પાડવામાં આવે તેની બે નકલો અમારા સંઘના કાર્યાલયને મોકલવા વિનંતી.

આપશ્રીના સહકારની અપેક્ષા સાથે

આપના આભાર સહ,

લિ.

આપનો ભવદીય

**નકલ જાણ અને ભલામણ અર્થે**
**ગ્રંથાલય નિયમકશ્રી**
**ગાંધીનગર**

GUJARAT GRANTHALAYA SEVA SANGH

પંકજ બાવીશી
પ્રમુખ મંત્રી ખજાનચી
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ

<u>બિડાણ</u> :

(૧) ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ૩૯માં ગ્રંથાલય પરિસંવાદની વિગત - ગ્રંથાલોકના અંકમાં.

(૨) સંઘના રજીસ્ટ્રેશનની નકલ

(૩) ગ્રંથાલોકનો અંક.

(૪) સંઘની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતા લેખની નકલ. (બુક ઓફ પેપર્સ-૨૦૨૩)